આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૭-૦૭-૨૦૨૪ સમય:-સાંજે ૬.૨૫ કલાકે

---

## CM માર્ગ મજબુતીકરણ માટે સૈધ્ધાંતિક મંજુરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રસ્તાઓના કામ થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહનવ્યવહાર લાયક સારા માર્ગની સગવડતા મળશે.

મુખ્યમંત્રીએ કુલ 688 કિલોમીટરના 65 માર્ગ માટે આ રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

(RNU અમદાવાદ)

-----------------------------------------------------------------------------

## જિલ્લાના મધ્યમકક્ષાના ડેમોની સ્થિતિ

જીલ્લાના વિવિધ તાલુકાઓમાં છેલ્લા પંદર દિવસથી થઈ રહેલા વરસાદને પરિણામે મધ્યમ સિંચાઈના 20 ડેમો પૈકી 17 ડેમોમાં નવા નીરની આવક થઈ છે. જે અંતર્ગત મુંદરા તાલુકાનો કારાઘોઘા ડેમ 75 ટકા ભરાઈ ગયો જયારે બાકીના ડેમોમાં 1 થી દોઢ ફુટ જેટલા પાણીની આવક થઈ છે. જેમાં ભુજ તાલુકાનો રૂદ્રમાતા, કાયલા અને કાસ્વતી ડેમ નખત્રાણા તાલુકાના નિરોણા, ભુખી અને મથલ ડેમ અબડાસાના કંકાવતી, જંગડીયા, મીટી અને બેરાચીયા ડેમ રાપરના સુવઈ અને ફતેગઢ ડેમ, મુંદરાનો ગજોડ ડેમ અને માંડવીના ડોણ ડેમનો સમાવેશ થાય છે.જયારે લખપતના સાન્ધ્રો, ગોંધાતડ અને નરા ડેમમાં હજુ સુધી

નવા પાણીની આવક શરૂ થઈ નથી.ડેમો જળાશયોમાં  નવા નીરના આગમનથી અબોલ જીવોને ફાયદો થશે.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------------

## કચ્છ યુનિર્વસીટી 14મો પદવીદાન સમારંભ

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી ઓક્ટોબર મહિનામાં 14મો પદવીદાન સમારંભ યોજવાનું નક્કી કરાયું છે એ માટે વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા અનુરોધ કરાયો છે. 14માં પદવીદાન સમારોહ માટે ડીગ્રી ફોર્મ આવતીકાલથી ત્રીજી ઓગસ્ટ સુધી ઓનલાઈન ભરી શકાશે.

કચ્છ યુનિ.માંથી વર્ષ 2023 સુધીમાં જે વિદ્યાર્થીઓ સ્નાતક કે અનુસ્નાતક થયા હોય તેવા વિધાર્થીઓ ઓનલાઈન ડીગ્રી ફોર્મ ભરી શકશે.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------------

## સુવર્ણ સાહિત્ય સંમેલન

`સાહિત્યનું મૂળ તત્ત્વ સંવેદનાનું છે, જે માનવી માનવી વચ્ચે જોડાણનું કામ કરે છે. તેવુ વી.આર.ટી.આઈ., માંડવી ખાતે યોજાયેલા સુવર્ણ સાહિત્ય સંમેલનના પ્રારંભે  ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડો. હર્ષદ ત્રિવેદીએ જણાવીને સમગ્ર સાહિત્યને પ્રેમ, પ્રકૃતિ અને ઈશ્વરમાં સમાયેલું ગણાવીને કચ્છ સાથેના પૂર્વ સંસ્મરણો વાગોળ્યાં હતાં.

આ પ્રસંગે ગોરધન પટેલ `કવિ'એ  સાહિત્ય ક્ષેત્રે કચ્છમાંથી અનેક નવા ચીલા પાડયા હોવાનું જણાવીને સ્વયંભૂ જોડાયેલા ડેલિગેટ્સને બિરદાવ્યા હતા. સંકલનકાર ડો. કાન્તિ ગોરે વિષયોથી માંડીને તેના વકતાઓની પસંદગી સુધીની માહિતી આપતાં આવા કાર્યક્રમો આપણને ઘણું શીખવતાં હોવાનું ઉમેર્યું હતું. આ

પ્રસંગે સંમેલનના વકતાઓના વકતવ્યોનું સંકલિત પુસ્તક `ફલશ્રુતિ'નું વિમોચન કરાયુ હતું.

**(RNU અમદાવાદ)**

---

# નખત્રાણા તાલુકામાં મગફળીનું વિક્રમી વાવેતર

નખત્રાણા તાલુકાના નેત્રા, લક્ષ્મીપર, રામપર, નાગવીરી, ખીરસરા , બાંડીયારા સહિતના વિસ્તારમાં ભુ-તળના મીઠા પાણી તથા મેઘવૃષ્ટિના કારણે ખેડુતોએ મગફળીનું આગોતરૂ આયોજન કર્યુ હતું. ચોમાસાના આરંભમાં થયેલી મેઘમહેરના પગલે બે હજાર થી વધુ એકર વિસ્તારમાં મગફળીનું વાવેતર કરાયુ છે. ત્યારે આ વિસ્તારના ખેતરો હરિયાળા બન્યા છે. વિદેશમાં નિકાસ ઉપરાંત દક્ષિણ ભારતના રાજ્યોમાં મગફળીના વાવેતર માટેના બિયારણની મોટા પ્રમાણમાં માંગના પગલે ખેડુતોને સારી આવક મળે છે. ત્યારે ચાલુ વર્ષમાં વરસાદ સારો થતાં મગફળીની વિક્રમી પેદાશ થશે તેવો આશાવાદ વ્યક્ત કરાયો છે.

**(કલ્પના શાહ/NP)**

---

# જિલ્લામાં મોહરમ પર્વ

આજે દેશભરમાં આશુરા-એ-મુહરમના તહેવારને મનાવવામાં આવી રહ્યો છે. સાતમી સદીમાં કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાનાં જીવનું બલિદાન આપનારા મહમ્મદ પૈગંબરનાં પૌત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમનાં સાથીઓનાં બલિદાનની યાદમાં આજના દિવસે શોક મનાવવામાં આવે છે. આ પ્રસંગે તાજીયાનું સરઘસ કાઢવામાં આવે છે.

ગઈકાલે ભુજ શહેરના વિવિધ વિસ્તારોમાંથી સુસોભીત તાજીયા પડમાં આવ્યા હતા. આજે બપોરે પરંપરા અનુસાર વિશાળ તાજીયાનું ઝુલુસ નીકળશે.

તાજીયા ઝુલુસનું  માર્ગ પર વિવિધ સંસ્થા-સમુદાય દ્વારા ન્યાઝની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------

# હવામાન વિભાગની આગાહી

રાજ્યમાં હાલમાં  ચોમાસાની ત્રણ-ત્રણ સિસ્ટમ એકસાથે સક્રિય થઈ છે, જેના કારણે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેવામાં આવતીકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગ દ્વારા 20 જુલાઈ સુધી માછીમારોને  દરિયો ન ખેડવાની સુચના આપવામાં આવી છે. હવામાન વિભાગ દ્રરા કચ્છથી લઈ ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત,દક્ષિણ ગુજરાતના  અનેક ભાગોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------